
Title-Code:-GUJGUJ18109
www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com




# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર
Mo- 9016924808
સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-02, ISSUE- 34,(SURAT), DATE-12/02/2025, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૨, અંક-૩૪, (સુરત), તા.૧૨/૦૨/૨૦૨૫ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીક્ટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.

2 ચૂંટણીનો જંગ: ૧૯ નો ઉચ્ચ અભ્યાસ, ૨૫ ઉમેદવાર ધોરણ ૧૦અને ૧૨ ભણેલા અને ૮ તેનાથી પણ ઓછું ભણ્યા છે
3 તાપીના સાંટકુવા ગામની પ્રાથમિક શાળામાં ૨૪થી વધુ બાળકને ઊલટી થતાં વ્યારા સિવિલમાં દાખલ કરાયાં
4 પૈસા ચોરીની શંકામાં છરા વડે પત્નીનું ગળું રેડ્યું, ઓલપાડ પોલીસે મહારાષ્ટ્રથી આરોપી ઝડપાયો

## ભારત એનર્જી ક્ષેત્રે ૨૦30 પહેલાં જ તમામ લક્ષ્યાંકો હાંસલ કરી લેશે. વડાપ્રધાન મોદીનું ઈન્ડિયા એનર્જી વીકમાં સંબોધન

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈન્ડિયા એનર્જી વીક ૨૦૨૫ કાર્યક્રમને સંબોધિત કરતાં કહ્યું કે, 'ભારત દરેક સેક્ટરમાં ઝડપથી વિકસી રહ્યો છે. આગામી બે દાયકા ભારત માટે મહત્ત્વના છે. છેલ્લા ૧૦ વર્ષમાં ભારતનો જે ગ્રોથ જોવા મળ્યો છે, તેને ધ્યાનમાં રાખતાં વિશ્વાસ છે કે, આપણે એનર્જી સેક્ટરમાં ગ્રોથ માટે મૂકેલા લક્ષ્યાંક પહેલાં જ હાંસલ કરી લઈશું.'

દિલ્હીમાં ઈન્ડિયા એનર્જી વીક ૨૦૨૫ની શરૂઆત કરતાં વડાપ્રધાને કહ્યું કે, 'વિશ્વના દરેક એક્સપર્ટ કહી રહ્યા છે કે, ૨૧ મી સદી ભારતની સદી છે. ભારત પોતાનો જ નહીં, પણ વિશ્વના ગ્રોથને પણ વેગ આપી રહ્યો છે. જેમાં આપણા એનર્જી સેક્ટરની ભૂમિકા મહત્ત્વની રહી છે. ભારતની એનર્જી મહત્ત્વાકાંક્ષાઓ પાંચ પિલર પર નિર્ભર છે. પ્રથમ આપણી પાસે રિસોર્સ છે, જે આપણને વેગ આપે છે. બીજું આપણે બ્રિલિયન્ટ માઈન્ડને ઈનોવેશન માટે પ્રોત્સાહન આપી રહ્યા છીએ. ત્રીજું આપણી પાસે આર્થિક અને રાજકીય સ્થિરતા છે, અને ચોથુ ભારત પાસે જિઓગ્રાફિક સ્થિતિ છે. જે એનર્જી ટ્રેડને વધુ આકર્ષક અને સરળ બનાવે છે. પાંચમું ભારત ગ્લોબલ સસ્ટેનેબિલિટી



માટે પ્રતિબદ્ધ છે. જેનાથી ભારતના એનર્જી સેક્ટરમાં નવી સંભાવનાઓ તૈયાર થઈ રહી છે.'

પીએમ મોદીએ કહ્યું કે વિકસિત ભારત માટે આગામી બે દાયકા ખૂબ જ મહત્વપૂર્ણ છે. આગામી પાંચ વર્ષમાં અનેક માઈલસ્ટોન પાર કરવાના છે. જેમાં એનર્જી સેક્ટરના ઘણા લક્ષ્યાંકો ૨૦30ની સમયમર્યાદા સાથે સંરેખિત છે. ૨૦30 સુધીમાં ૫૦૦ ગીગા વોટ રિન્યુએબલ એનર્જી ક્ષમતા ઉમેરવા માગે છે. ભારતે ૨૦30 સુધીમાં નેટ ઝીરો કાર્બન ઉત્સર્જનનો લક્ષ્ય મૂક્યું છે. વધુમાં ૨૦30 સુધીમાં ૫૦ લાખ મેટ્રિક ટન ગ્રીન હાઇડ્રોજનનું ઉત્પાદન કરવાનો ટાર્ગેટ છે. ભારતે છેલ્લા ૧૦ વર્ષમાં જે હાંસલ કર્યું છે તેનાથી અમને વિશ્વાસ અપાવ્યો છે કે અમે આ લક્ષ્યોને સમય મર્યાદા પહેલાં હાંસલ કરી લઈશું.

છેલ્લા ૧૦ વર્ષમાં ભારત ૧૦ થી પાંચમી અર્થવ્યવસ્થા બન્યું છે. ૧૦ વર્ષમાં આપણી સોલાર એનર્જી ઉત્પાદન ક્ષમતા 3૨ ગણી વધારી છે. આજે ભારત વિશ્વનો ત્રીજો સૌથી મોટો સોલાર એનર્જી ઉત્પન્ન કરનારો દેશ છે. આપણી નોન-ફોસિલ

**છેલ્લા ૧૦ વર્ષમાં ભારત ૧૦ થી પાંચમી અર્થવ્યવસ્થા બન્યું છે. ૧૦ વર્ષમાં આપણી સોલાર એનર્જી ઉત્પાદન ક્ષમતા 3૨ ગણી વધારી છે. આજે ભારત વિશ્વનો ત્રીજો સૌથી મોટો સોલાર એનર્જી ઉત્પન્ન કરનારો દેશ છે.**

ક્ષમતા ત્રણ ગણી વધી છે. પેરિસ સમજૂતી કરારને પૂર્ણ કરનાર ૨૦ દેશોમાં ભારત પહેલો દેશ છે. આજે ભારત ૯૦ ટકા ઇથેનોલનું મિશ્રણ કરી રહ્યું છે.

## ડાંગ દરબાર-૨૦૨૫ નું આયોજન શરૂ

### ૮ થી ૧૨ માર્ચ સુધી યોજાશે ઐતિહાસિક લોકમેળો, કલેક્ટરની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ



ડાંગ (આહવા)- ડાંગની સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાને ઉજાગર કરતા ઐતિહાસિક 'ડાંગ દરબાર' લોકમેળાનું આયોજન આગામી વર્ષે ૮થી ૧૨ માર્ચ ૨૦૨૫ દરમિયાન કરવામાં આવશે. આ અંગે આજે જિલ્લા કલેક્ટર રાજ સુથારની અધ્યક્ષતામાં જિલ્લા પંચાયત કચેરીના સભાખંડમાં મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી.

પરંપરા અનુસાર, દર વર્ષે હોળીના પાંચ દિવસ પહેલાં યોજાતા આ મેળાનું ઉદ્ઘાટન રાજ્યપાલના હસ્તે કરવામાં આવે છે, જેમાં ડાંગ જિલ્લાના પાંચ રાજવીઓનું વિશેષ સન્માન કરવામાં આવે છે. આ મેળો ડાંગની આદિવાસી સંસ્કૃતિ અને પરંપરાઓનું પ્રતિબિંબ છે.

બેઠકમાં નાયબ દંડક વિજયભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ નિર્મળાબેન ગાઈન સહિત પાંચેય

**પરંપરા અનુસાર, દર વર્ષે હોળીના પાંચ દિવસ પહેલાં યોજાતા આ મેળાનું ઉદ્ઘાટન રાજ્યપાલના હસ્તે કરવામાં આવે છે,**

રાજવીઓ - તપતરાવ આનંદરાવ દહેર, ભવરસિંગ હસુસિંગ લીંગા, ધનરાજસિંહ ચંદ્રસિંહ વાસુર્ણા, ત્રીકમરાવ સાહેબરાવ પીંપરી ઉપસ્થિત રહ્યા હતા. વહીવટી તંત્રમાંથી ઇન્ચાર્જ અધિક નિવાસી કલેક્ટર મેહુલ ખાંટ, પ્રાંત અધિકારી કાજલ આંબલીયા, નાયબ પોલીસ અધિક્ષક સુનિલ પાટીલ, અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડો. હિમાંશુ ગામિત સહિતના ઉચ્ચ અધિકારીઓએ હાજરી આપી હતી. બેઠકમાં આગામી ડાંગ દરબારના સફળ આયોજન માટે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

## બારડોલીમાં ચપ્પુ બતાવીને યુવતીનું શારીરિક શોષણ કરનારને દબોચાયો

**બારડોલી-** બારડોલીમાં પ્રતિષ્ઠિત સોસાયટીમાં રહેતી યુવતીને ફસાવી એક વર્ષથી પોતાની હવસ પૂરી કરતા લંપટ યુવકે મહિલા સાથી ની મદદગારીથી યુવતીના વીડિયોના સ્ક્રીન શોટ અપલોડ કરી બદનામ કરતા હતા. બારડોલી પોલીસે ફરિયાદ આધારે લંપટ યુવક અને મહિલા સાગરીતની અટકાયત કરી રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે.

બારડોલીની એક યુવતીને બારડોલીના શાસ્ત્રી રોડ ઉપર આવેલ અંકુર નગર સોસાયટી માં રહેતા રાજ પટેલ નામના યુવકે પ્રેમજાળમાં ફસાવી હતી. ચપ્પુની અણીએ યુવતીને ધાક આપી મરજી




વિરુદ્ધ બળાત્કાર કરતો હતો. યુવકે યુવતીનીની જાણ બહાર વિડિયો પણ ઉતાર્યા હતા. ખાનગી વિડિયો કોલના સ્ક્રીનશોટ લઇ જાહેર કરવાની ધમકી આપી લંપટ યુવક હેરાન કરી સબંધ રાખવા દબાણ કરતો હતો.

યુવતીએ સબંધનો ઇનકાર કરતાં યુવકે તેની ઓળખીતી મહિલા પત્રકાર ને સાધી બંને એ એકબીજાની મદદગારીથી વિવિધ સ્ક્રીનશોટ સોશિયલ મીડિયામાં વાઇરલ કરી બદનામ કરવાની ધમકી આપી હતી.

યુવતીએ બારડોલી પોલીસ મથક માં લંપટ યુવક રાજ પટેલ અને મહિલા યશોદા અખાડે ની અટકાયતમાં લઇ તેઓ વિરુદ્ધ ગુનો દાખલ કરી તેઓને કોર્ટ માં રજૂ કરી ૪ દિવસ ના રિમાન્ડ માંગવાની તજવીજ શરૂ કરી હોવાનું જાણવા મળે છે.

## કીમમાં દંપતી ખરીદી કરવા ગયુ અને બાઇકની ઉઠાંતરી

કીમ- ઓલપાડ તાલુકાના કીમ ગામે ધોળે દિવસે બજાર વિસ્તારમાંથી બાઇકની ઉઠાંતરી થઈ હતી. કીમ બજારમાં બ્રિજ નીચે બાઇક પાર્ક કરી બજારમાં દંપતી ખરીદી કરવા ગયા હતા. થોડી મીનીટો માજ પરત ફરેલા દંપતી એ બાઈક ન જોતા ચોરી થયાનું જાણ્યું હતું. જોકે દંપતી ખરીદીમાં જતા તુરંતજ ગણતરીની મિનિટોમાં બાઇક ચોર ચાવી નાખી બાઇક ચોરી કરી ફરાર થઇ ગયો હતો. બાઈક ચોર નજીકમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયો હતો. સદર ચોરી બાબતે કીમ પોલીસને જાણ કરવામાં આવી હતી.



## લાલ આતંક પર પ્રહાર: એન્કાઉન્ટરમાં ૩૧ નક્સલી ઠાર, બે વીર જવાનો શહીદ

નક્સલવાદની સામે ચાલી રહેલી લડાઈમાં સુરક્ષા દળોને ફરી એકવાર એક મોટી સફળતા મળી છે. છત્તીસગઢ-મહારાષ્ટ્ર સીમા પર રવિવારે (૯ ફેબ્રુઆરી) અથડામણમાંથી ૧૦૦૦ થી વધારે જવાનોએ ૩૧ નક્સલવાદીઓને મોતને ઘાટ ઉતારી દીધા છે. અથડામણમાં DRG અને STF ના બે જવાન શહીદ થયા છે અને અન્ય બે જવાન ઘાયલ થયા છે. મળતી માહિતી મુજબ જવાનોને ૧૨ નક્સલવાદીઓની લાશ મળી છે અને આ તમામની ઓળખ કરવામાં આવી રહી છે.

મળતી માહિતી મુજબ, બીજાપુર-નારાયણપુર સીમા પાસે રવિવારે (૯ ફેબ્રુઆરી) આ અથડામણ થઈ હતી. બંને બાજુથી ભીષણ ગોળીબારમાં મોટી સંખ્યામાં નક્સલીઓના મોત થયા છે. હાલ ૧૨ નક્સલીઓની લાશ મળી આવી છે. અથડામણ દરમિયાન બે જવાન શહીદ થયા છે અને અન્ય બે ગોળીબારમાં ઘાયલ થયાં છે. આ સિવાય ઘટનાસ્થળેથી ઓટોમેટિક હથિયાર પણ જપ્ત કરવામાં આવ્યા છે.

બસ્તર રેન્જ ઈ સુંદરરાજના જણાવ્યા અનુસાર, ઘટનાસ્થળેથી ભારે માત્રામાં હથિયાર અને વિસ્ફોટક જપ્ત કરવામાં આવ્યા છે. બીજાપુર ઈન્દ્રાવર્તી નેશનલ પાર્ક વિસ્તારમાં સર્ચ ઓપરેશન



હજુ શરૂ છે. વળી બીજાપુર SP જીતેન્દ્ર યાદવે કહ્યું કે, ઓપરેશનમાં મારવામાં આવેલાં નક્સલવાદીઓની સંખ્યા વધી શકે છે. આ ઓપરેશન મોટું છે અને હજુ ચાલુ છે, બેક પાર્ટી મોકલવામાં આવી છે. નક્સલીઓ સાથે સુરક્ષા દળોની અથડામણ બીજાપુરના રાષ્ટ્રીય ઉદ્યાન ક્ષેત્રના જંગલમાં થઈ હતી. રવિવારે સવારે આ અથડામણમાં મોટી સંખ્યામાં નક્સલીઓની મોતની ખબર સામે આવી હતી.

બસ્તર IG સુંદરરાજે જણાવ્યું કે, માઓવાદીઓની હાજરીની સૂચના મળતાં જ ફોર્સને ઘટનાસ્થળે મોકલવામાં આવી હતી. બીજાપુર DRG, STF અને બસ્તર ફાઇટર્સના જવાનો દ્વારા નક્સલવાદીઓનો ઘેરાવ કરવામાં આવ્યો છે.

થોડા દિવસો પહેલાં પણ છત્તીસગઢ, ઓડીશા સીમામાં થેયલાં અન્ય એક એનકાઉન્ટરમાં ૧૬ નક્સલીઓને મોતને ઘાટ ઉતારવામાં આવ્યા હતાં, જેમાં ૯૦ લાખ રૂપિયાના ઈનામી ચલપતિ પણ સામેલ હતો. નોધનીય છે કે, કેન્દ્ર સરકારે ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધી દેશના નક્સલવાદને સંપૂર્ણ રીતે ખતમ કરવાની જાહેરાત કરી છે.






Date-12/02/2025 Wednesday

# ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA

(WEEKLY)-SURAT

### બગુમરા ગામમાં દિવસે દહાડે ચેઈન સ્નેચિંગઃ

## વડાપાવની દુકાને ગ્રાહક બનીને આવેલા યુવકે ૬૭ વર્ષીય મહિલાના ગળામાંથી ૪૨ હજારની ચેઈન લૂંટી


**બારડોલી-**પલસાણા તાલુકાના બગુમરા ગામમાં રવિવારે બપોરે સાડા ત્રણ વાગ્યે એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. રેલ્વે ફાટક પાસે આવેલી વડાપાવની દુકાને ગ્રાહક બનીને આવેલા એક યુવકે ૬૭ વર્ષીય વૃદ્ધા સુમનબેન ગોહિલના ગળામાંથી સોનાની ચેઈન ખેંચી લૂંટ ચલાવી હતી.



ઘટના અનુસાર, ખરવાસા ગામના રજપૂત ફળિયામાં રહેતા સુમનબેન નરેન્દ્રસિંહ ગોહિલ બગુમરા ગામમાં તેમની બહેન મધુબેનની વડાપાવની દુકાને બેઠા હતા. એક યુવક ગ્રાહક બનીને આવ્યો અને પાણીની બોટલ તથા વિમલની માંગણી કરી. બિલના પૈસા ચૂકવતી વખતે યુવકે અચાનક સુમનબેનના ગળામાં રહેલી ૧૩.૬૫૦ ગ્રામની સોનાની ચેઈન ખેંચી લીધી. ચેઈન તૂટી જતાં આરોપી લગભગ ૬.૫૦૦ ગ્રામનો ભાગ, જેની કિંમત રૂ. ૪૨,૦૦૦ છે, લઈને મોટરસાઈકલ પર ફરાર થઈ ગયો. સુમનબેને બૂમાબૂમ કરતાં આસપાસના લોકો દોડી આવ્યા, પરંતુ ત્યાં સુધીમાં આરોપી ભાગી છૂટ્યો હતો. સમગ્ર ઘટના CCTVમાં કેદ થઈ છે. સોમવારે સવારે આઠ વાગ્યે પલસાણા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે અને ડ્જઈં એન.આર. ઢોડિયાએ તપાસ હાથ ધરી છે. પલસાણા તાલુકામાં વધતી જતી ગુનાખોરી ચિંતાનો વિષય બની રહી છે.

## હજારો કરોડના ખર્ચ છતાં મહાકુંભમાં અવ્યવસ્થા સામે સવાલઃ સ્થાનિકો ઘરોમાં પૂરાયા

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં આયોજીત મહાકુંભમાં જવા માટે લોકોમાં ઉત્સાહ એટલો વધી ગયો છે કે પ્રયાગરાજ જનારા તમામ રોડ પર અનેક કિમી સુધી ટ્રાફિક જામ રહ્યો હતો, કેટલાક દાવા મુજબ આશરે ૩૦૦ કિમી સુધી ૪૮ કલાક સુધી ટ્રાફિક જામી રહ્યો, જેને પગલે લોકોએ ભારે મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો. કેટલાક લોકોએ ટ્રાફિક જામની તસવીરો અને વીડિયો સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યા હતા અને તેને વિશ્વનો સૌથી મોટો ટ્રાફિક જામ ગણાવ્યો હતો. રવિવારથી સોમવાર દરમિયાન હજારો લોકો પોતાના વાહનોમાં જ રાત વિતાવવા મજબૂર થયા હતા.



મહાકુંભ ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં યોજાઇ રહ્યો છે જયારે ટ્રાફિક જામની અસર એટલી વ્યાપક હતી કે પાડોશી રાજય મધ્ય પ્રદેશમાં પણ અનેક જિલ્લાઓમાં વાહનોની લાંબી લાઇનો લાગી હતી. મધ્ય પ્રદેશના કટણી જિલ્લાની પોલીસે જાહેર કર્યું હતું કે સોમવાર સુધી ટ્રાફિક જામ રહેશે. રેવા, મૈહર, જબલપુર, કટણી જિલ્લાના રોડ પર વાહનોની લાંબી લાઇનો લાગી હતી. જયારે પ્રયાગરાજની આસપાસના તમામ રસ્તાઓ જામ થઇ ગયા હતા. વારાણસી, લખનઉ, કાનપુર, અયોધ્યા સુધી વાહનોની લાઇનો લાગી ગઇ હતી. આસપાસના તમામ રસ્તા પર ભારે ભીડને કારણે પ્રયાગરાજમાં રહેતા લોકોએ પણ મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો અને કલાકો સુધી ઘરોમાં રહેવા મજબુર થયા હતા.

મહાકુંભમાં જનારા લોકો વારાણસી પણ જઇ રહ્યા છે જેને પગલે આ ધાર્મિક નગરીમાં પણ ભારે ટ્રાફિકની સમસ્યા ઉભી થઇ રહી છે. ભારે ભીડને કારણે વારાણસીમાં પણ કાર, બસો સહિતના ફોર વ્હીલર વાહનોના પ્રવેશ પર રોક લગાવાઇ છે જેને ૧૨ ફેબ્રુઆરી સુધી લંબાવી દેવાઇ છે. અગાઉ મૌની અમાસના શાહી સ્નાનમાં લાખો લોકો એક સાથે સામેલ થયા હતા.

### નવસારીમાં જર્જરીત મકાનનો ભાગ ધરાશાયી

## આનંદ ભુવનચાલમાં ખાલી મકાનની ગેલેરી તૂટી પડી, સદનસીબે જાનહાનિ ટળી

નવસારી- નવસારી શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલા આનંદ ભુવનચાલમાં એક મોટી દુર્ઘટના ટળી છે. અહી આવેલા એક જર્જરીત અને લાંબા સમયથી ખાલી પડેલા મકાનની ગેલેરી અચાનક ધરાશાયી થઈ ગઈ હતી. સદનસીબે મકાન ખાલી હોવાથી કોઈ જાનહાની કે ઈજા થવા પામી નથી.



આ ઘટના શહેરના જર્જરીત મકાનોની સમસ્યા તરફ ધ્યાન દોરે છે. નવસારી શહેરમાં અનેક મિલકતો આવી જર્જરીત હાલતમાં છે, જે કોઈપણ સમયે મોટી દુર્ઘટનાનું કારણ બની શકે છે. સ્થાનિક રહીશોએ મહાનગરપાલિકા સમક્ષ માંગ કરી છે કે આવી જોખમી મિલકતોને નોટિસ આપીને તાત્કાલિક ધોરણે દૂર કરવામાં આવે.

આ ઘટના બાદ શહેરમાં આવેલા અન્ય જર્જરીત મકાનો અંગે પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે. નાગરિકોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને યોગ્ય પગલાં લેવા જરૂરી બન્યા છે. મહાનગરપાલિકા દ્વારા શહેરમાં આવા જોખમી મકાનોનો સર્વે કરી યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે.

**સ્થાનિક રહીશોએ મહાનગરપાલિકા સમક્ષ માંગ કરી છે કે આવી જોખમી મિલકતોને નોટિસ આપીને તાત્કાલિક ધોરણે દૂર કરવામાં આવે.**

## ચૂંટણીનો જંગઃ ૧૯ નો ઉચ્ચ અભ્યાસ, ૨૫ ઉમેદવાર ધોરણ ૧૦અને ૧૨ ભણેલા અને ૮ તેનાથી પણ ઓછું ભણ્યા છે



સોનગઢ- સોનગઢ નગરપાલિકા ની સામાન્ય ચૂંટણી આગામી ૧૬ ફેબ્રુઆરીના રોજ યોજાનારી છે. ભાજપ કોગ્રેસ સહિત અન્ય પક્ષના મળી ૫૨ ઉમેદવાર મેદાનમાં છે.ચૂંટણી જંગમાં ઉતરેલાં ઉમેદવારો કેટલી શૈક્ષણિક લાયકાત ધરાવે છે એ જાણવું રસપ્રદ બની રહેશે.

સોનગઢ નગરપાલિકા ચૂંટણીમાં એક તરફ ડોક્ટરની પદવી ધરાવતાં ઉમેદવાર મેદાનમાં છે. જયારે ધોરણ એક ભણેલા મહિલા ઉમેદવાર પણ મેદાનમાં છે. સોનગઢ પાલિકા ચૂંટણીમાં સહુથી વધુ અભ્યાસ સાથે સ્વપ્નિલ પાટીલ બીએ એમએસ કર્યું છે. જયારે વોર્ડ નંબર સાત ના પવિત્રાબહેન ગામીત માત્ર પહેલું ધોરણ પાસ છે. આ સાથે હેતલ મહેતા ડિપ્લોમા ફાર્મસી, વિજય વસાવા ડિપ્લોમા ઇલેક્ટ્રિક , નરેશ ગામીત બીએ, રમીતાબહેન ચૌધરી એમએબીએડ, વિલાસ ભાઈ શિંદે બીએસસી, યોગેશ મરાઠે બીએબીએડ, સારીકાબહેન પાટીલ બીએસસી, પ્રકાશ ગામીત બીએ, કિંજલ બહેન હિરે બીસીએ સુધીનો અભ્યાસ કર્યો છે. એ સાથે જ જયેન્દ્ર શિંદે બીએ, નિલેશ પટેલ બીએસસી તથા અનિતાબહેન અગ્રવાલ બીએ સુધીનો અભ્યાસ કર્યો છે. એ સિવાય હેતલબહેન દવે બીએ, ભાવના બહેનગામીત બી એ, અમિષા બહેન વસાવા બીકોમ, સ્વપ્નિલ પાટીલ બીએએમએસ, મોબિન અન્સારી બીએમસી, અજય ગામીત બીએએલ એલ બી જયારે રાજેન્દ્ર ભાવસાર બી કોમ સુધી ભણ્યા છે. ઓછું ભણેલા ઉમેદવારોની યાદી પર નજર નાખીએ તો ઉમાબહેન ઠાકોર ધોરણ બે પાસ , લીલાબહેન ગાંધી આઠ પાસ, સંગીતા બહેન પાટીલ ધોરણ પાંચ પાસ, કમલાબહેન પવાર પાંચ પાસ, બાનુ બી ધોરણ ચાર પાસ, પવિત્રાબહેન ગામીત ધોરણ એક પાસ, સુરેશ ભાઈ ગામીત ધોરણ સાત પાસ જયારે પુનિતા બહેન ગામીત ધોરણ પાંચ પાસ કર્યું છે. એ સિવાયના ત્રણ ઉમેદવારો એ ધોરણ બાર પાસ કર્યું છે અને ૨૨ ઉમેદવાર ધોરણ દસ કે તેની નજીક સુધીનો અભ્યાસ કર્યો છે.

## સુરતની સરકારી કર્મચારીઓમાં ફરજિયાત હેલ્મેટના નિયમનું ચુસ્ત પાલન, પાલિકાના હેલ્મેટ વગરના કર્મચારીઓ દંડાયા



ગુજરાત રાજયમાં હેલ્મેટના નિયમનું અમલીકરણ કરાવવું ખૂબ જરૂરી છે કે જેથી રોડ અકસ્માતના કારણે થતા મૃત્યુ અને ગંભીર ઇજાઓ ઉપર અંકુશ લાવી શકાય. ગુજરાત રાજયમાં હેલ્મેટના નિયમનો અમલ રાજયના તમામ સરકારી અધિકારીઓ અને કર્મચારીઓ કરે તે માટે આજથી ફરજિયાત હેલ્મેટના કાયદાનો અમલ શરૂ થઈ ગયો છે. આ નિયમના પહેલા જ દિવસે સુરત પાલિકાના હેલ્મેટ વિના આવતા કર્મચારીઓને પોલીસે દંડ ફટકારવનું શરૂ કર્યું છે. હેલ્મેટ માટે ગુજરાત રાજયના તમામ સરકારી કચેરીઓના પ્રવેશદ્વાર પાસે ટ્રાફીક પોલીસનું ડીપ્લોયમેન્ટ કરી અસરકારક કાર્યવાહી કરાવવા સુચના આપવામાં આવી હતી. આજે સવારે પાલિકાના દરવાજે દરવાજે પોલીસ આવી હતી.

## ચૂંટણીમાં નશાયુક્ત પદાર્થોનું વેચાણ ન કરવા આદેશ

ગાંધીનગર- સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં દારૂ અને નશાયુક્ત પદાર્થોના વેચાણના પરવાનાદારોને વેચાણ નહી કરવાનો જિલ્લા કલેક્ટરે આદેશ કર્યો છે. વધુમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં સરકારી દિવાલો, રોડ ઉપર ઉમેદવારે પોતાને મળેલા ચૂંટણીના ચિન્હનું ચિતરામણ કે લખાણ કરી શકાશે નહી. વધુમાં બેનર, પુંઠા, પાટીયા, બેનર્સ, ધજા વગેરે નહી રાખવાનો કલેક્ટરે આદેશ કર્યો છે.

ગાંધીનગર તાલુકા પંચાયત અને માણસા નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તેમજ ખાલી પડેલી કલોલ પાલિકાની, જિલ્લા પંચાયતની હાલીસા બેઠક, માણસા તાલુકા પંચાયતની આમજા, દહેગામ તાલુકા પંચાયતની લવાડ બેઠકની પેટા ચૂંટણી યોજાનાર છે. ત્યારે હાલમાં ઉમેદવારો દ્વારા ચૂંટણીનો પ્રચાર જોર શોરથી કરવામાં આવી રહ્યો છે.

વધુમાં મતદારોને રીઝવવા માટે અને પોતાના રાજકીય પક્ષની જાહેરાત માટે બેનરો, રાજકીય પક્ષના સિમ્બોલવાળા તોરણ સહિત લગાવી શકાય નહી તે માટે રાજય ચૂંટણીપંચ દ્વારા આદર્શ આચારસંહિતામાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આથી જિલ્લા કલેક્ટરે આદેશ કર્યો છે.

## શ્રી સાઈ પ્રશાંતિ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ બારડોલી દ્વારા ૬૫૦ મો આઈ કેમ્પ

**બારડોલી-**શ્રી સાઈ પ્રશાંતિ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ બારડોલી દ્વારા સંચાલીત શ્રી સત્ય સાઈ હોસ્પિટલ, શાસ્ત્રી રોડ, બારડોલી ખાતે તા. ૧૦/૦૨/૨૦૨૫ ને સોમવારના રોજ ૬૫૦ માં આઈ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોતિયાના ઓપરેશનો લેન્સ સાથે નીઃ શુલ્ક કરવામાં આવ્યા. તેમજ દર્દી તથા તેમના સગાને ભોજન (નારાયણ સેવા) કરાવવામાં આવ્યું.





શ્રી સત્ય સાઈ હોસ્પિટલ, શાસ્ત્રી રોડ, બારડોલી ખાતે આંખ વિભાગ, દાંત વિભાગ અને ફિઝિયોથેરાપી વિભાગ સવારે ૯.૦૦ થી ૫.૦૦ ચાલે છે અને બધી જ સારવાર એકદમ ફ્રીમાં કરવામાં આવે છે. જરૂરિયાત મંદ લોકોને લાભ લેવા વિનંતી

## અંતુર્લી તાપી નદીમાં લીઝ ધારકની હદ બહાર રેતી ખનન કરતી ૫ નાવડી પકડાઈ

**ગત દિવસોમાં તાપી કલેક્ટર કચેરીમાં બંને તાલુકાના અનેક ગામોની સીમમાં રેત માફિયાઓ ગેર કાયદેસર રેતી ખનન કરતા હોવા અંગેની રજુઆત કરાઈ હતી.**

કુકરમુંડા- તાપીના નિઝર તાલુકાના આવેલ કોટલી, ચોરગાંવ, અંતુર્લી, વાંકા, બહુરૂપા, વ્યાવલ ગામની સીમમાં તાપી નદીમાં ચાલતી રેતીની લીઝો ઉપર ગત ગુરુવારે નિઝર પ્રાંત અધિકારી, નિઝર મામલતદાર, ઉચ્છલ મામલતદાર અને કુકરમુંડા મામલતદારની ટીમ દ્વારા ચેકીંગ હાથ ધરી હતી. જેમાં અંતુર્લી ગામે તાપી નદીમાં ગેર કાયદેસર રીતે હદ વિસ્તારની બહારથી રેતી ખનન કરતી પાંચ નાવડી ઝડપાઈ હોવાનું જાણવા મળેલ છે. ઉલ્લેખનીય છે.એ. કે, બંને તાલુકામાં તાપી નદીમાં ખરેખર રેત માફિયાઓ કાયદેસર રેતી ખનન કરી રહ્યા છે. કે, પછી આ તાલુકામાં તાપી નદીમાં ચાલતી રેતી લીઝો ઉપર તંત્ર ચેકીંગ કરવાના હોય, તેવા મેસેજ અગાઉથી જ ગેર કાયદેસર રીતે રેતી ખનન કરનારા રેત માફિયાઓ સુધી પહોંચી જતા હોય છે. કારણ કે, ગત દિવસોમાં તાપી કલેક્ટર કચેરીમાં બંને તાલુકાના અનેક ગામોની સીમમાં રેત માફિયાઓ ગેર કાયદેસર રેતી ખનન કરતા હોવા અંગેની રજુઆત કરાઈ હતી. અને તંત્ર દ્વારા રેતી લીઝો ઉપર ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. ત્યારે માત્ર અંતુર્લી ગામની સીમમાં આવેલ રેતી લીઝ ઉપર હદ વિસ્તારથી બહાર ગેર કાયદેસર રેતી ખનન કરતી. પાંચ જેટલી નાવડી ઝડપાઈ હતી.



નિઝરના વ્યાવલ ગામના વાસુદેવભાઈ ઠાકરે અને ચિચોદા ગામના યોગેશભાઈ સુખદેવભાઈ મોગરે અને જય બિરસા બ્રિગેડ સંગઠન દ્વારા નિઝર-કુકરમુંડા તાલુકામાંથી પસાર થતી. તાપી નદીમાં રેત માફિયાઓ ગેરકાયદેસર રેતી ખનન કરતા હોવા અંગે કલેક્ટર કચેરી ખાતે રજુઆત કરી હતી. અને ગત ગુરુવારે જવાબદાર તંત્રએ અલગ-અલગ ચાર ટીમો બનાવીને નિઝરના વેલદા ગામની સીમમાં ચોરગાંવ, કોટલી, વાંકા, અંતુર્લી, બહુરૂપા અને વ્યાવલ જેવા ગામની સીમમાં આવેલ તાપી નદીમાં આશરે આઠેક રેતી લીઝો ઉપર ઉપર ચેકીંગ હાથ ધરી હતી. જે ચર્કિંગ દરમ્યાન તંત્રને માત્ર અંતુર્લી ગામની સીમમાં રેતી લીઝ ઉપર હદ વિસ્તારથી બહાર પાંચ નાવડી ગેર કાયદેસર રીતે રેતી ખનન કરતી ઝડપાઈ હતી.

## બોદાલી રોડે દારૂની કાર્ટિંગ કરતા ખેપિયો ઝડપાયો

નવસારી- નવસારી જલાલપોરના બોદાલી રોડ ઉપર વિદેશી દારૂ સગે વગે કરતા હતા ત્યારે બાતમીને આધારે પોલીસે આવીને તમામનો ખેલ બગાડ્યો હતો. જેમાં પોલીસે ઘટના સ્થળેથી ખેપિયા કરણ નાયકાની અટક કરી રૂ.૬૩ હજારનો વિદેશી દારૂ ઝડપી લીધો હતો. નવસારી જિલ્લામાં વિદેશી દારૂની હેરાફેરી અટકાવવા માટે એલસીબી પીઆઈ વી જે.જાડેજાએ સ્ટાફને સૂચના આપી હતી.



તે અંતર્ગત હે.કો. નયન હનુંભા અને દિગ્વિજય મોરીને બાતમી મળી કે જલાલપોર બોદાલી રોડ સારથી રેસિડન્સી ખાતે રહેતા ભાવેશ વાઘેલા અને ભરત વાઘેલાની એક સફેદ રંગની કાર માં વિદેશી દારૂનો જથ્થો લઇને વાઘેલા બ્રધર્સનો માણસ કરણ નાયકા સાથે જલાલપોર ધરતી ફાર્મ ઓવાઈ ત્રણ રસ્તા પાસે જાહેર રોડ ઉપર દારૂનો જથ્થો સગેવગે કરતા છે. જેને લઇ પોલીસે રેડ કરતા દારૂ સગેવગે કરતા ખેપિયા સંજય નાયકા રહે. ધેલખડીની અટક કરી જયારે વાઘેલા બ્રધર્સને ફરાર જાહેર કર્યા હતા. પોલીસે રૂ.૬૩ હજારનો મુદ્દામાલ જપ્ત કરી આગળની કાર્યવાહી જલાલપોર પોલીસ કરી રહી છે.

# ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ.......

## કોલસા મારફ્ત વિજ ઉત્પાદનમાં ફેલાતા પ્રદુષણથી દેશમાં કૃષી ક્ષેત્રને મોટું નુકશાન



તંત્રી-
હિમાંશુસિંહ ઠાકોર

આ પ્રક્રિયામાં સર્જાતા નાઈટ્રોજન ડાયોક્સાઈડના કારણે વાર્ષિક ૮૦ કરોડ ડોલરનો ક્રોપ-લોસ સહન કરવો પડે છે!

દેશમાં કૃષી ક્ષેત્રના વિકાસ માટે નાણાં-પ્રધાને તાજેતરમાં રજૂ કરેલા બજેટમાં વિશેષ લક્ષ આપ્યું છે તથા તેલિબિંયા અને ખાદ્યતેલોના ઉત્પાદનમાં વધારો કરવા આ પૂર્વે ઘડાયેલી વિવિધ યોજનાઓ પછી કઠોળ-દાળનું ઉત્પાદન પણ ઘરઆંગણે વધારવા નાણાં પ્રધાને વિશેષ સપોર્ટ બજેટમાં રજૂ કર્યો છે. આગામી ૫-૬ વર્ષોમાં ઉત્પાદન વૃદ્ધીના ઉંચા ટારગેટો સરકારે નક્કી કર્યા છે. જો કે આ લક્ષ્યાંકો કેવા પાર પડે છે તે તો આગામી વર્ષોમાં સ્પષ્ટ થશે પરંતુ હાલ તુરંત તો સરકારે પોતાના હેતુઓ બતાવી દીધા છે. વર્ષો અગાઉ ઘઉં-ચોખા જેવા અનાજની બાબતમાં પણ આપણે દરિયાપારથી આવતા અનાજ પર આધાર રાખવો પડતો હતો પરંતુ ત્યારબાદ પંજાબ તથા હરિયાણામાં હરીયાળી ક્રાંતિ શરૂ થતાં એ દરમિયાન ઘરઆંગણે ઘઉં-ચોખાના ઉત્પાદનમાં વિશેષ વૃદ્ધી નોંધાઈ હતી અને એ હરિયાળી ક્રાંતિ પછીના વર્ષોમાં દેશમાં આયાતી અનાજ પરનો આધાર ઘટયો હતો અને ત્યારબાદ આપણે એવી સ્થિતિમાં આવી ગયા હતા જયાં આયાતના બદલે અનાજની નિકાસ કરતા થઈ ગયા હતા.

દરમિયાન, એક બાજુ સરકાર દેશમાં વિવિધ કૃષી ઉત્પાદનોનું ઉત્પાદન વધારવા ગંભીર બની છે ત્યારે બીજી તરફ હેકટરદીઠ પેદાશ વૈશ્વિક સરેરાશ કરતાં ખાસ્સી નીચી રહી છે તે પેદાશ વધારવી જરૂરી હોવાનું કૃષી તજજ્ઞો જણાવી રહ્યા હતા. દેશમાં સિંચાઈનો વ્યાપ વધારવો પણ જરૂરી છે જેથી મોનસુનની અનિશ્ચિતતા પરનો આધાર દૂર થઈ શકે એવું જાણકારોએ જણાવ્યું હતું. દરમિયાન, દેશના કૃષી ક્ષેત્ર સામે નવા પડકારો સામે આવી રહ્યા હોવાનું તાજેતરમાં એક રિસર્ચ રિપોર્ટમાં બહાર આવ્યું છે.

વૈશ્વિક સ્તરે વિજળીના ઉત્પાદનમાં ગ્રીન એનર્જીનો વપરાશ વધી રહ્યો છે ત્યારે ભારતમાં હજી પણ આ માટે કોલસા પર આધાર ચાલુ રહ્યો છે. આના પગલે થતા હવામાનના પ્રદુષણના કારણે કૃષી ક્ષેત્રે હેકટરદીઠ પેદાશ વધવાના બદલે ઘટતી જોવા મળી છે. નેશનલ એકેડેમી ઓફ સાયન્સીસના રિસર્ચમાં આવું જણાવાયું છે. કોલસા પર આધારીત વિજ ઉત્પાદનમાંથી બહાર પડતા નાઈટ્રોજન ડાયોક્સાઈડના કારણે કૃષી પેદાશ પર અસર પડતી નોંધાઈ છે. પાવર સ્ટેશનોથી ૧૦૦ કિલોમીટર સુધીના કૃષી વિસ્તારો પર આવા નાઈટ્રોજન ડાયોક્સાઈડની અસર કૃષી પેદાશો પર પડતી જોવા મળી છે. ઘઉં તથા ચોખાની પેદાશ પર ૨૦૧૧થી ૨૦૨૦ દરમિયાનના ગાળામાં આવી અસરની નોંધ રિસર્ચ રિપોર્ટમાં લેવાઈ છે. પશ્ચિમ બંગાળ, મધ્ય પ્રદેશ તથા ઉત્તર પ્રદેશમાં આના પગલે વીજ ઉત્પાદન કરતા પાવર સ્ટેશનોના કારણે આજુબાજુના કૃષી ક્ષેત્રોના કારણે આજુબાજુના કૃષી ક્ષેત્રોમાં કૃષી પેદાશમાં આશરે ૧૦ ટકાથી વધુનો ઘટાડો થયાનું જાણકારો જણાવી રહ્યા હતા.

કૃષી વિસ્તારોથી આવા પાવર સ્ટેશનોને દૂર લઈ જવામાં આવે તો કૃષી પેદાશ પર થતી અસર નિવારી શકાશે તથા કૃષી પેદાશ વધારી શકાશે એવું તજજ્ઞો જણાવી રહ્યા હતા. કોલસા મારફ્ત થતા વિજ ઉત્પાદનથી ફેલાતા પ્રદુષણના પગલે ભારતને દર વર્ષે આશરે ૮૦૦ મિલીયન ડોલરનો ક્રોપ-લોસ સહન કરવો પડે છે. ભારતમાં હવે પછી કૃષી ઉત્પાદન વધારવું હોય તો આ પ્રકારની વિવિધ બાબતો સરકારે લક્ષમાં રાખવી આવશ્યક છે એવું કૃષી તજજ્ઞોએ જણાવ્યું હતું.

વિજ ઉત્પાદનમાં હવે પછી કોલસાનો વપરાશ ઘટાડી અન્ય વિકલ્પો અપનાવવા જરૂરી છે. આ માટે ગ્રીન એનર્જી તરફ લક્ષ આપવું જરૂરી છે. આમ થશે તો કૃષી ઉપજ વધારી શકાશે તેમ જ જનતાના સ્વાસ્થ્ય માટે પણ આ વાત લાભપ્રદ થઈ શકશે એવું જણાવાયું છે. કૃષી ઉત્પાદન વધારવા નાણાં પ્રધાને બજેટમાં વિવિધ ફાળવણીઓ વધારી છે ત્યારે હવે સરકારે આગળ ઉપર કૃષી ઉપજ વધારવા ઉપરોક્ત બાબતો પણ લક્ષમાં રાખવી જરૂરી હોવાનું જાણકારોએ જણાવ્યું હતું.

## ઈનોવા કાર ભાડે થી મળશે

૫-સિટર
૭-સિટર



સંપર્ક- અનિલભાઈ
મો.97242 60058




સંપર્ક—મિતેશ દેસાઈ Mo-9879518431

બ્લોક નં. એ—૧૩૮, પ્લોટ નં. ૬, ટ્રાસપોર્ટ, કેમ્પસ, નેશનલ રોડ—૪૮, નવાગામ, ઉદ્યોગ નગર, કામરેજ સુરત

## તાપીના સાંઢકુવા ગામની પ્રાથમિક શાળામાં ૨૪થી વધુ બાળકને ઊલટી થતાં વ્યારા સિવિલમાં દાખલ કરાયાં

તાપી (વ્યારા)- તાપી જિલ્લાના સોનગઢ તાલુકાના સાંઢકુવા ગામમાં આવેલી જિલ્લા પંચાયત સંચાલિત પ્રાથમિક શાળામાં ફૂડ પોઈઝનિંગનો બનાવ સામે આવ્યો છે. શાળામાં અભ્યાસ કરતા ૨૪થી વધુ બાળકે રતનજયોતના બીજ ખાતાં એકાએક ઉલટીઓ થવા લાગી હતી, જેથી શાળા તંત્રમાં દોડધામ મચી જવા પામી હતી. આ ગંભીર સ્થિતિને ધ્યાનમાં રાખીને તમામ બાળકોને તાત્કાલિક સારવાર માટે વ્યારાની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. પ્રાથમિક તપાસમાં ફૂડ પોઈઝનિંગની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.



વહીવટી તંત્ર-આરોગ્ય વિભાગના અધિકારીઓ ઘટનાસ્થળે ઘટનાની જાણ થતાં જ સ્થાનિક વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા છે અને પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે. બાળકોની સ્થિતિ હાલ સ્થિર છે અને તેમને યોગ્ય સારવાર આપવામાં આવી રહી છે. સાથે જ આ ઘટનાની ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરવામાં આવી રહી છે કે જેથી ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને તે સુનિશ્ચિત કરી શકાય.

# ભાજપે રાજયભરમાં અનેક નેતાઓને કર્યા સસ્પેન્ડ, ચૂંટણીમાં પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરનાર સામે કડક પગલાં

**રાજયમાં ૧૬ ફેબ્રુઆરીએ સ્થાનિક સ્વરાજની ચૂંટણી યોજાવાની છે. આ ચૂંટણીમાં ભાજપે પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરનારા અનેક નેતાઓને સસ્પેન્ડ કરી દીધા છે. આ નેતાઓએ ભાજપનું મેન્ડેટ ન મળતા અપક્ષ અથવા અન્ય પક્ષમાં ઉમેવદવારી નોધાવી હતી.**

**પાટણના ચાણસ્મા શહેર ભાજપ ઉપપ્રમુખને સસ્પેન્ડ કરાયા** છે. પક્ષ વિરોધી પ્રવૃત્તિકરવાના ગુનામાં ચાણસ્મા શહેર ઉપપ્રમુખ પટેલ પરસોત્તમ ભાઈ શંકરભાઈને સસ્પેન્ડ કરાયા છે. પક્ષના ઉમેદવાર વિરુદ્ધ ઉમેદવારી કરવાના કારણે શિસ્ત ભંગના પગલાં ભરાતા પ્રાથમિક સભ્ય પદેથી ૬ વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

**ખેડામાં 33 સભ્યો સસ્પેન્ડ**

ભાજપે ખેડામાં 33 સભ્યોને સસ્પેન્ડ કર્યા છે. આ સભ્યોએ પોતાના જ સંબંધીઓને જ અપક્ષ તરીકે ઉભા રાખ્યા હતા. જેમાં ચકલાસીના ૧૩, મહેમદાબાદના ૫, મહુધાના ૫, ખેડાના 3 સભ્યો સસ્પેન્ડ કરવામાં આવ્યા. કપડવંજના ૨ અને કઠલાલના ૫ લોકોને ભાજપના સક્રિય પદેથી સસ્પેન્ડ કરાયા.

**મહેસાણા : ખેરાલુમાં ૨, વડનગરમાં 3 નેતા સસ્પેન્ડ**

મહેસાણાના ખેરાલુ તાલુકા પંચાયત ચૂંટણીમાં ડભોડાની ૨ બેઠક તાલુકા પંચાયત ચૂંટણીમાં ભાજપમાં બળવો થયો છે. ભાજપ સામે બળવો કરી અપક્ષ ઉમેદવારી કરનાર ગુલાબજી ઠાકોર અને પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરનાર ભૂપતજી ઠાકોરને સસ્પેન્ડ કરાયા છે.

વડનગર નગરપાલિકામાંથી બળવો કરનાર વોર્ડ-૭ના રામચંદ્ર મહારાજ, વોર્ડ-૪ના ઉષાબેન પટેલ અને વોર્ડ-૫માંથી ઉદાજી ઠાકોરને સસ્પેન્ડ કરાયા છે. આ ત્રણેય સભ્યોએ નગરપાલિકા ચૂંટણીમાં અપક્ષ ઉમેદવારી કરી છે.

**પંચમહાલમાં ૮ કાર્યકર્તાઓ સસ્પેન્ડ**




પંચમહાલમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં પક્ષ વિરોધી કામ કરવા બદલ ૮ ભાજપ કાર્યકર્તાઓને સસ્પેન્ડ કરવામાં આવ્યાં છે. પંચમહાલમાં હાલોલ અને કાલોલ નગરપાલિકાની ચૂંટણીમાં ટિકિટ ન મળતા ભાજપાના આ કાર્યકર્તાઓએ અપક્ષ ઉમેદવારી નોંધાવી અથવા પક્ષ વિરોધી કામ કરેલ હોવાનું બહાર આવ્યું છે. પંચમહાલ ભાજપ પ્રમુખ અશ્વિન પટેલ દ્વારા તાત્કાલિક અસરથી ૮ જેટલાં કાર્યકર્તાઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

**નવસારી : બીલીમોરામાં ૯ ભાજપ નેતાઓને કારણદર્શક નોટિસ**

નવસારીમાં ભાજપમાંથી છેડો ફાડી બીલીમોરા નગરપાલિકાની ચૂંટણીમાં અપક્ષ કે કોંગ્રેસમાંથી ઉમેદવારી કરનારા ૯ ભાજપ આગેવાનોને કારણ દર્શક નોટીસ ફટકારવામાં આવી છે. જિલ્લા ભાજપ પ્રમુખ ભુરાલાલ શાહે ૬ પૂર્વ નગરસેવકો અને બે સંગઠન આગેવાનોને કારણ દર્શક નોટીસ આપવામાં આવી છે.

ભાજપમાંથી છેડો ફાડી કોંગ્રેસના મેન્ડેટ પર ઉમેદવારી કરનારા પૂર્વ પાલિકા પ્રમુખ સંધ્યા પટેલને કારણ દર્શક નોટીસ

પાલિકાના પૂર્વ નગરસેવકો નરેશ પટેલ, રમીલા ભાદરકા, કિરણ વાઘેલા, મુકેશ પટેલ અને મનીષા પટેલને પણ નોટીસ

નવસારી જિલ્લા અનુસૂચિત જાતિ મોર્ચાના મંત્રી રાહુલ મારૂ અને વોર્ડ-૪ ના શક્તિ કેન્દ્ર પ્રમુખ આશિષ ટંડેલને નોટીસ

## મહાકુંભથી પરત આવતી બસનો અકસ્માત, સાત શ્રદ્ધાળુઓએ ઘટનાસ્થળે જ જીવ ગુમાવ્યા



ઉત્તર પ્રદેશના પ્રયાગરાજ મહાકુંભથી પરત આવી રહેલી બસ સાથે મધ્ય પ્રદેશમાં મોટો અકસ્માત સર્જાયો છે. જબલપુરમાં સિહોરા પાસે બસનો અકસ્માત સર્જાયો હતો, જેમાં સાત લોકોના મોત નિપજયા છે. આ ઘટનાની જાણકારી મળતાં તુરંત જ કલેક્ટર અને એસપી ઘટનાસ્થળે પહોચ્યા હતાં. જે બસ સાથે અકસ્માત થયો તે સિહોરા પાસે પ્રયાગરાજથી પરત આંધ્રપ્રદેશ તરફ જઈ રહી હતી.

મળતી માહિતી અનુસાર, નેશનલ હાઈવે 30 પર વહેલી સવારે ૯:૧૫ વાગ્યાની આસપાસ મોહલા બરગી વચ્ચે નહેર પાસે આ અકસ્માત સર્જાયો હતો. અહીં ટ્રક અને ટ્રાવેલર બસ એકબીજા સાથે અથડાતા આ દુર્ઘટના સર્જાઈ હતી. જેમાં સાત લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતાં. અકસ્માત બાદ ઘટનાસ્થળે ટ્રાફિક જામની સ્થિતિ જોવા મળી હતી. સમગ્ર મામલે હાલ પોલીસે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ દ્વારા તમામ મૃતકોની ઓળખ કરવાનો પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે.

## જન્મના દાખલા માટે પાલિકામાં મરવાનો વારો, કલાકો સુધી કતારમાં ઉભા રહેવા મજબૂર બન્યાં

ભરૂચ- છેલ્લા ૬ મહિનામાં જન્મેલ બાળકોના જન્મ દાખલામાં સુધારો કરવા માટે લોકોને અંતરિયાળ ગામો અને શહેર માંથી નગરપાલિકા આવું પડે છે અને કલાકોની લાઈનમાં લાગ્યા બાદ ૨થી 3 કલાક બાદ નંબર લાગે છે જેને કારણે લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. જિલ્લા કે શહેરમાં છેલ્લા ૬ મહિનામાં જન્મના દાખલ રજીસ્ટર થયા હોય અને એ જન્મના દાખલામાં બાળકનું નામ અલગ પિતાની કોલમ અલગ અને અટકની કોલમ અલગ હોવાને કારણે હાલ સરકાર દ્વારા નવા પરિપત્ર અને નિયમ મુજબ બાળકનું નામ પહેલા અટક અને અને પૂરેપૂરું નામ સીધી લીટીમાં હોય તો જ આધારકાર્ડ અપડેટ થઇ શકે તેવા નિયમોને લઈને ઘણા વાલીઓ પોતાના બાળકના આધારકાર્ડ માટે નાગરપાલિકાથી જનસેવા કેન્દ્ર અને જનસેવા કેન્દ્રથી નગરપાલિકા ધક્કા ખાઈ રહ્યા છે.

## ૩૦૦૦ બોર કરવાનો જવેલરી એસો.નો નિર્ણય; ૫ લાખ બોર થઈ ગયા, મે સુધીમાં ૧૦ લાખ કરવાનો પ્રયાસઃ પાટીલ

### જવેલરી એસોસિએશન ૩૦૦૦ બોર કરાવશે વોટર હાર્વેસ્ટિંગ એ ભવિષ્યમાં ઉપસ્થિત થનાર સૌથી મોટો પડકાર હશે, જેને પહોચી વળવા માટે અત્યારથી જ પાણીનું સંચય કરવું ખૂબ જ જરૂરી

સુરત- સુરતના પાલ ગૌરવપથ રોડ ખાતે જવેલરી એસોસિએશન દ્વારા બોર કરવાની શરૂઆત કરવામાં આવી છે. આ અભિયાન અંતર્ગત તેમણે કુલ ૩૦૦૦ બોર કરવાનો નિર્ણય કર્યો છે. કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી. આર. પાટીલ દ્વારા આ અભિયાનની શરૂઆત કરાવવામાં આવી હતી. દેશની અંદર ભૂગર્ભમાં જળ ઉતારવાની ખૂબ જરૂરિયાત હોવાની વાત તેમના દ્વારા કરવામાં આવી રહી છે. કેન્દ્ર સરકાર દ્વારા દેશભરની અંદર વોટર રેન હાર્વેસ્ટિંગ કરવા માટેના પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. જે અંતર્ગત અત્યાર સુધીમાં દેશભરની અંદર લાખોની સંખ્યામાં બોર થઈ રહ્યા છે.



જવેલરી એસોસિએશન ૩૦૦૦ બોર કરાવશે વોટર હાર્વેસ્ટિંગ એ ભવિષ્યમાં ઉપસ્થિત થનાર સૌથી મોટો પડકાર હશે, જેને પહોચી વળવા માટે અત્યારથી જ પાણીનું સંચય કરવું ખૂબ જ જરૂરી છે. કેન્દ્રીય જળ શક્તિ મંત્રી દ્વારા સતત વોટર હાર્વેસ્ટિંગ અંતર્ગત કેચ ધ વોટર અભિયાન શરૂ કરી દેવામાં આવ્યો છે. જેને કારણે ભૂગર્ભની અંદર પાણી વધુમાં વધુ સંગ્રહિત થાય તેવા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. આ અભિયાનની અંદર અલગ-અલગ ઔદ્યોગિક એકમો ઔદ્યોગિક એસોસિયેશન ભાગ લઈ રહી છે. જે અંતર્ગત જવેલરી એસોસિયેશન દ્વારા કુલ ૩૦૦૦ જેટલા બોર કરવાના સંકલ્પ કરવામાં આવ્યા છે, આથી તેની શરૂઆત કરી દેવાય છે.

આવનાર પેઢીને ધન આપી શકીશું, પણ જળ નહિ: પાટીલ કેન્દ્રીય જળ શક્તિમંત્રી સી.આર.પાટીલે અત્યાર સુધી સમગ્ર દેશમાં ૫,૪૦,૦૦૦ બોર થઈ ગયા છે. ચોમાસા પહેલા મે સુધીમાં ૧૦ લાખ બોર બનાવાનો ટાર્ગેટ છે. દેશના ડેમની પાણી સંગ્રહ સંગ્રહની ક્ષમતા માત્ર ૨૫૦ BCM છે. આપણી જરૂરિયાત ૧૧૨૦ ઇઈખ છે. ૨૦૨૫ સુધીમાં આપણી જરૂરિયાત વધીને ૧૧૮૦ BCM થવાની છે. આપણે કુદરતી મહેર છે, ૪૦૦૦ BCM વરસાદ પડે છે. આપણે માત્ર ૭૫૦ BCM પાણી બચાવી શકીએ છીએ. આપણી જરૂરિયાત કરતા ખૂબ ઓછું છે.

દેશમાં આગામી દિવસોમાં પાણીની જરૂરિયાત વધવાની છે, ત્યારે વધુમાં વધુ લોકો આ અભિયાન સાથે જોડાઈ તે જરૂરી છે. આવનાર પેઢીને આપણે ધન આપી શકીશું, પરંતુ જળ આપવું મુશ્કેલ બની શકે તે પહેલા જ આપણે આ બાબતે ગંભીરતાથી આગળ વધવું જોઈએ.

Date-12/02/2025 Wednesday

# ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA

(WEEKLY)-SURAT

## શ્રી શાંતારામ ભટ્ટ ઈંગ્લીશ મિડીયમ સ્કુલ મોતામાં માતૃભાષા કાર્યશાળા નો પ્રારંભ





**બારડોલી-** મોતા કેળવણી મંડળ સંચાલિત શ્રી શાંતારામ ભટ્ટ ઇંગ્લીશ મીડીયમ સ્કુલ મોતા ખાતે ગુજરાતી સાહિત્ય અકાદમી આયોજિત માતૃભાષા કાર્યશાળાનું તારીખ પહેલી ફેબ્રુઆરી ૨૦૨૫ ના દિવસે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરતના ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડો. નરેશ શુકલ સર ના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ ગુજરાતી સાહિત્ય અકાદમી ગાંધીનગર તથા શ્રી શાંતારામ ભટ્ટ ઇંગ્લીશ મિડિયમ સ્કુલ મોતાના સંયુક્ત ઉપક્રમે યોજાયો હતો. શાળાના આચાર્યા મેડમ શ્રીમતી દીપિકાબેન દેસાઈની પ્રેરણાથી આ કાર્યશાળા શરૂ કરવામાં આવી હતી.

૦૧ ફેબ્રુઆરી થી ૨૦ ફેબ્રુઆરી સુધી ચાલનારી આ ૨૦ દિવસની કાર્ય શિબિરમાં શાળાના ધોરણ ૮ ના ૬૨ જેટલા બાળકોને ગુજરાતી ભાષા વિશે ઊંડાણપૂર્વકનું જ્ઞાન, સમજ આપવામાં આવશે. જેમકે,
(૧) ગુજરાતી ભાષાનું બંધારણ
(૨) ભાષાની ઉત્પતિ, વિકાસ,
(૩) મૂળાક્ષરોની વર્ણવ્યવસ્થા.
(૪) ગુજરાતી વ્યાકરણની સમજ
(૫) ગુજરાતી ભાષાના વિકાસ અને સંવર્ધન (૬) કાવ્ય ગાન (૭) વાર્તા વાચન લેખન (૮) પત્ર લેખન (૯) નિબંધ લેખન (૧૦) શ્રવણ કૌશલ્ય (૧૧) કથન કૌશલ્ય
(૧૨) વાચન કૌશલ્ય (૧૩) લેખન કૌશલ્ય (૧૪) જોડણીના નિયમો (૧૫) વિરામ ચિન્હો (૧૬) ગુજરાતી ગીતો (૧૭) ગુજરાતી સાહિત્યકારોનો પરિચય (૧૮) સાહિત્ય પ્રશિષ્ કૃતિઓ (૧૯) ધ્વનિ શાસ્ત્ર (૨૦) સમાસ અને વિભક્તિ વગેરે જેવા ગુજરાતી વિષયના વિવિધ ક્ષેત્રની સમજૂતી આપવામાં આવશે.

તેમજ ગુજરાતી ભાષાની સાચી સમજ બાળકો સુધી પહોંચે તે માટેનો એક મહત્વનો પ્રયોગ સાબિત થશે. બાળકોમાં ભાષા પ્રત્યે પ્રેમ અને રસ રુચિ જાગે તે હેતુથી આ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. શાળાના શિક્ષક શ્રી કમલેશ રાઠોડ આ કાર્યશાળામાં પ્રબોધક તરીકેનું કાર્ય સંભાળી રહ્યા છે

શાળાના ભાષાના શિક્ષકોએ આ શિબિરમાં ખૂબ જ ઉત્સાહથી ભાગ લીધો હતો. તેમજ વિદ્યાર્થીઓએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

શાળાના આચાર્ય મેડમ દીપિકાબેન દેસાઈ તથા ટ્રસ્ટીશ્રીઓ, પ્રમુખ શ્રી ,અને મંત્રી સાહેબ દ્વારા આ કાર્યને શુભેચ્છાઓ પાઠવી હતી .

### ઓલપાડમાં પત્નીની હત્યા કરનાર પતિ ઝડપાયો

## પૈસા ચોરીની શંકામાં છરા વડે પત્નીનું ગળું રેડ્યું, ઓલપાડ પોલીસે મહારાષ્ટ્રથી આરોપી ઝડપાયો



**બારડોલી-** સુરતના ઓલપાડમાં એક ચકચારી ઘટનામાં પતિએ પૈસા ચોરીની શંકાના આધારે પત્નીની નિર્દયી હત્યા કરી નાખી છે. ઓલપાડ-કીમ રોડ પર નવા બ્રિજ નજીક રહેતા અશોક બાપુ સંકટે ગઈકાલે સાંજે ૮ વાગ્યાની આસપાસ પોતાની પત્ની હીરાબાઈ પર પૈસા ચોરીનો આરોપ મૂક્યો હતો.

બંને વચ્ચે થયેલી બોલાચાલી ઉગ્ર બની હતી, જેમાં ઉશ્કેરાયેલા અશોકે છરી વડે પત્નીનું ગળું રેડી નાખ્યું હતું. દંપતીની દીકરીની બૂમો સાંભળી પાડોશીઓ દોડી આવ્યા હતા અને લોહીના ખાબોચિયામાં પડેલી હીરાબાઈને જોઈ ચોકી ઉઠ્યા હતા. તાત્કાલિક ૧૦૮ અને પોલીસને જાણ કરવામાં આવી, પરંતુ હીરાબાઈને મૃત જાહેર કરવામાં આવ્યા હતા.

ઘટના બાદ ફરાર થયેલા આરોપી અશોકની પોલીસે મહારાષ્ટ્રના નવાપુર ખાતેથી ધરપકડ કરી છે. આરોપી ભેંસના વાળ કાપવાનું કામ કરતો હતો, જયારે મૃતક હીરાબાઈ ભીખ માંગીને ગુજરાન ચલાવતી હતી. આ દંપતીના ચાર સંતાનો છે. પોલીસે આરોપી વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## વાંસદામાં ઝંડા લગાવવા મુદ્દે બંને પક્ષના કાર્યકર્તાઓ વચ્ચે મારામારી, પોલીસે મામલો શાંત કરવા મધ્યસ્થી કરી



નવસારી- નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના દુબળ ફળિયા વિસ્તારમાં રાજકીય તંગદિલી સર્જાઈ છે. કોંગ્રેસના કાર્યકર્તાઓ દ્વારા વિસ્તારમાં પક્ષનો ઝંડો લગાવવાની પ્રક્રિયા દરમિયાન ભાજપના કાર્યકર્તાઓ સાથે ઘર્ષણ સર્જાયું હતું. આ ઘટનામાં બંને પક્ષના કાર્યકર્તાઓ વચ્ચે શાબ્દિક તકરાર બાદ મારામારી સુધી નોબત આવી હતી.

ઘટનામાં એક વ્યક્તિને ઈજા થતાં તેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સ્થિતિ વણસતી જોઈ વાંસદા પોલીસે ઘટનાસ્થળે પહોંચી મામલો શાંત પાડ્યો હતો. જોકે, આ ઘટના અંગે હજુ સુધી કોઈ પોલીસ ફરિયાદ નોંધાઈ નથી.

બંને પક્ષના કાર્યકર્તાઓ ના એકબીજા પર આક્ષેપો મહત્વપૂર્ણ છે કે આ મામલો વાંસદાના ધારાસભ્ય અનંત પટેલ સુધી પહોંચ્યો છે. બંને પક્ષના કાર્યકર્તાઓ દ્વારા એકબીજા પર આક્ષેપો કરવામાં આવી રહ્યા છે. કોંગ્રેસના કાર્યકર્તાઓનો આરોપ છે કે ઝંડો લગાવતી વખતે ભાજપના કાર્યકર્તાઓએ અનાવશ્યક માથાકૂટ કરી, જયારે ભાજપના કાર્યકર્તાઓએ કોંગ્રેસ પર હાથાપાઈનો આરોપ મૂક્યો છે. પોલીસે બંને પક્ષો વચ્ચે મધ્યસ્થી કરી પરિસ્થિતિ નિયંત્રણમાં લીધી છે.

વલસાડના સાંસદે કોંગ્રેસ પર આરોપ લગાવ્યા વલસાડ લોકસભાના સાંસદ ધવલ પટેલ જણાવે છે કે વાંસદા તાલુકામાં આવેલી કંડોલપાડા તાલુકા પંચાયતની ચૂંટણી હોય અમારા કાર્યકર્તાઓ પ્રચાર કરી રહ્યા હતા.

ત્યારે કોંગ્રેસના કેટલાક તત્વો દ્વારા આ પ્રચાર અભિયાનને વિખેરવા માટે ષડયંત્ર રચ્યું છે, પરંતુ અમે અમારા કાર્યકર્તાઓને સમજાવ્યા છે કે કોઈપણ પરિસ્થિતિમાં ડગવાનું નથી અને પ્રચાર કાર્ય જોરમાં શરૂ રાખવાનું છે.

## કીમના ફ્લેટમાંથી ૫.૭૩ લાખની ચોરી, સગા જ શંકાના દાયરામાં



કીમ- ઓલપાડ તાલુકાના કીમ પૂર્વ વિસ્તારમાં આવેલા ચિરાગ રેસિડેન્સીના ફ્લેટ નં ૩૦૩ માં રોકડ તેમજ સોના-ચાંદીના દાગીનાની ચોરી થતા કીમ પોલીસે ફરિયાદ લઈ તપાસ હાથ ધરી છે.

કીમ પૂર્વ વિસ્તારમાં ચિરાગ રેસિડેન્સી આવેલ છે.જેના ફ્લેટ નં ૩૦૩ માં એક રૂમમાં ઉજ્જવલ તોમર પરિવાર સાથે રહે છે. આજ ફ્લેટના બીજા રૂમમાં સચિનભાઈ ફરિયાદના મામાની દીકરી અનુજ તેમજ ઋષભ હાજર હતા. જયારે ફરિયાદીના દૂરના કાકા અરવિંદ ઉપાધ્યાય અવાર નવાર આવતા રહેતા હતા. ભોગ બનનાર ઉજ્જવલભાઈ તેમનો રૂમ બંધ કરી વતનમાં ગયા હતા. ત્યારે ભોગ બનનાર ઉજ્જવલભાઈએ તેમના રૂમમાં ચોરી થયાની માહિતી મળતા તેમના ભાઈ અને ફરિયાદી અંકિત તોમરને જાણ કરી હતી. જે બાદ રૂમ પર જોતા તિજોરીનુંલોકર ખુલ્લું તેમજ સમાન અસ્તવ્યસ્ત હાલતમાંજોવા મળ્યુંહતું. ફરિયાદી અંકિત તોમરે ભાઈને પૂછતાં લોકરમાં રોકડા રૂપિયા ૮૪ હજાર તેમજ સોના ચાંદીના દાગીના હોવાનું જણાવ્યું હતું. સદર ચોરી મામલે કીમ પોલીસને જાણ કરવામાં આવી હતી. ફરિયાદીએ સદર ચોરીની ઘટનામાં સાથે રૂમમાં રહેતી અનુજ ઉર્ફે ક્રિષ્ણ ઋષિપાલ ઉપાધ્યાય રહે. બી.૩૦૩, કુડસદ કીમ ચોકડી તરફ જતા રોડની બાજુમા, ચીરાગ સોસાયટીની બાજુમા તેમજ ફરિયાદીના અવાર નવાર અવરજવર કરતા દૂરના કાકા અરવિંદ શ્રીનવાબસિંગ ઉપાધ્યાય રહે.શીવંશી ટેક્ષટાઇલ, કીમ માંડવી રોડ, તીરૂપતી વે-બ્રિજની પાછળ તા. માંગરોળનાઓ પર શંકા વ્યક્ત કરી હતી.પોલીસે ફરિયાદી ફરિયાદ આધારે તપાસ શરૂ કરી હોવાનું જાણવા મળે છે.

કીમ પોલીસે ૮૪ હજાર રોકડા અને સોના ચાંદીના દાગીના રૂપીયા ૪,૮૯,૬૫૮ મળી કુલ રૂપિયા ૫,૭૩,૬૫૮ ની ચોરી કરનાર શકદાર મામાની દીકરી અનુજ ઉર્ફે ક્રિષ્ણ ઋષિપાલ ઉપાધ્યાય તેમજ ફરીયાદીના દુરના સગામા થતા કાકા શકદાર અરવિંદ શ્રીનવાબસિંગ ઉપાધ્યાય ઉપર શંકા હોય તે દિશામાં તેમજ તપાસમા નિકળે તેઓ વિરૂધ્ધમાં ભારતીય ન્યાયસંહિતા કલમ ૩૦૩ (૨) ૫૪ મુજબ કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

## માંગરોળની પરણીતા પર સાસરિયાનો ત્રાસ:૫૦ હજારની માંગણી સાથે માનસિક ત્રાસ આપતા પતિ સહિત ૭ સામે ફરિયાદ



**પરણીતાના માતા-પિતા પાસેથી ૫૦,૦૦૦ ની માંગણી કરી તેના માટે દબાણ કરવામાં આવતું હતું. સતત માનસિક ત્રાસ અને જાનથી મારી નાખવાની ધમકીઓથી કંટાળીને પરણીતાએ પોલીસનો સંપર્ક કર્યો**

**બારડોલી-** માંગરોળના નાની નરોલી ગામની પરણીતા સબાનાએ પતિ અને સાસરિયાઓ સામે કામરેજ મહિલા પોલીસ મથકે ગંભીર ફરિયાદ નોંધાવી છે. પરણીતાના જણાવ્યા મુજબ, ઝુબેર ઇમામ પીંજારી સાથેના લગ્ન બાદ શરૂઆતમાં બધું સારું હતું, પરંતુ પછીથી પતિ અને સાસરિયાઓએ તેને હેરાન કરવાનું શરૂ કર્યું હતું.

સાસરિયાઓ ઘરકામ બાબતે મેણાંટોણાં મારતા અને અપશબ્દો બોલતા હતા. વધુમાં, પરણીતાના માતા-પિતા પાસેથી ૫૦,૦૦૦ ની માંગણી કરી તેના માટે દબાણ કરવામાં આવતું હતું. સતત માનસિક ત્રાસ અને જાનથી મારી નાખવાની ધમકીઓથી કંટાળીને પરણીતાએ પોલીસનો સંપર્ક કર્યો હતો.

પોલીસે પતિ ઝુબેર પીંજારી, સસરા ઇમામ ગુલઝાર, સાસુ મહેરાજ, દિયર જાબીર, દેરાણી સમીરા, નણંદ કૌસર અને ઇરફાન અજીજ પીંજારી - એમ કુલ સાત લોકો સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. આ તમામ આરોપીઓ નાની નરોલી ગામના હરિજનવાસ ભંગાર ફળિયામાં રહે છે. પોલીસે આ ગંભીર ફરિયાદને આધારે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## સુરતમાં ૧૧ મહિનામાં ડોગ બાઈટના ૪,૮૫૭ કેસ નોધાયા



સુરત- સુરતમાં ડોગ બાઈટની ઘટનાઓ વધતી જાય છે, જેને ધ્યાનમાં રાખીને સુરત મહાનગરપાલિકા જાણવા માગે છે કે શહેરમાં કુલ કેટલા શ્વાન છે. આ માહિતી મેળવવા માટે અત્યાર સુધીમાં લગભગ પાંચ વખત ટેન્ડર જાહેર કરવામાં આવ્યા છે, જેથી ખબર પડી શકે કે સુરતમાં કુલ કેટલા શ્વાન છે, કેટલાના ઓપરેશન કરવામાં આવ્યા છે અને કેટલાં પપ્પી છે. પરંતુ, સુરત મહાનગરપાલિકાને હજુ સુધી કોઈ એવી સંસ્થા મળી નથી, જે સમગ્ર શહેરમાં શ્વાનોની ગણતરી કરી શકે.

દર મહિને ડોગ બાઈટના ૫૫૦ કેસ નોધાય છે સુરત શહેરમાં દર મહિને સરેરાશ ૫૫૦ ડોગ બાઈટના કેસ નોંધાય છે. વર્ષ ૨૦૨૪થી ફેબ્રુઆરી ૨૦૨૫ સુધીમાં કુલ ૪,૮૫૭ કેસ નોંધાયા છે, જેમાં સૌથી વધુ કેસ જાન્યુઆરી ૨૦૨૫માં ૫૫૬, ઓગસ્ટ ૨૦૨૪માં ૫૫૪, અને એપ્રિલ ૨૦૨૪માં ૫૩૪ નોંધાયા

જોઈએ છે..! જોઈએ છે..!



ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..

આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો

http://www.gujataatmiyata.in/

9016924808 Himanshu Thakor

himanshuthakor242 Kutumb

ભાડેથી જોઈએ છે

રો હાઉસ , શાસ્ત્રી રોડ બારડોલી



બારડોલી શાસ્ત્રી રોડ, શિશુ મંદિર, સૃષ્ટિ-સ્વર વિલા ની આજુ-બાજુ ની સોસાયટીમાં રો-હાઉસ ભાડેથી જોઈએ છે...

આત્મીય પ્રોપર્ટી બારડોલી

+91-9016924808



કન્ટ્રકશન ના બાંધકામ માટે સંપર્ક કરો...!!!

Mo. 9624532454

ગ્રાઉન્ડ ફ્લોર ની દુકાન વેચવાની છે....!!

૧) બારડોલી-શાસ્ત્રી રોડ ૨) ઘામળોદ રોડ

શાસ્ત્રી રોડ પર રો -હાઉસ, બંગલો લેવા માટે સંપર્ક કરો

Mo. 9016924808

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. PRINTED BY-YASH TRADING, PLOT NO.- 26, KHODIYAR NAGAR, NEAR SHIDDHIVINAYAK MANDIR, BHATENA , SURAT, ( GUJARAT).